| GJBK090012432022 | सत्यमेव जयते | દાખલ તારીખ :– | ૧૫/૧૨/૨૦૨૨ | |
|---|---|---|---|---|
| | | રજુ તારીખ :– | ૧૫/૧૨/૨૦૨૨ | |
| | | ફેસલ તારીખ :– | ૩૦/૧૦/૨૦૨૩ | |
| | | સમય :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૧૦ | ૧૫ |

***મહે. ધાનેરાના જયુડિ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,***

***મું.ધાનેરા.***

**આંક.**

| ફરીયાદી :– | શ્રી સરકાર |
|---|---|
| વિ રૂ ઘ્ધ | |
| આરોપી :– | ગેમાભાઇ ભગાજી ઠાકોર<br>રહે.કુવારલા સીમ,તા.ધાનેરા,<br>જી.બનાસકાંઠા |

| ***તહોમત :–*** | *ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એફ મુ.* |
|---|---|

---

**ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી. એમ.એમ.સોલંકી.**

**બચાવપક્ષ તરફે વિ.વકીલ શ્રી. એચ.કે.રાજગોર.**

---

**–: ચુકાદો :–**

(૧) આ કામના આરોપી સામે ધાનેરા પોલીસ સ્ટેશનમાં ધી પ્રોહી. એકટની કલમ–૬૫ એફ મુજબનો ગુનો નોધાયેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોલીસ રેઈડ દરમ્યાન પોતાના કબજા ભોગવટાના રહેણાંકના ઘરની સામેના ભાગે આવેલ આંબલીના ઝાડની નીચે જમીનમાં બે માટલાઓમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દેશી દારૂ ગાળવાનો વોશ રાખી, ગુનો કરેલો.

(૩) સદરહું ફરિયાદીની ફરિયાદના આધારે પી.એસ.ઓ.એ ગુનો નોધી, આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ, ચાર્જશીટ કરેલું.

(૪) સદરહુ ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી સારૂ અત્રેની અદાલતમાં તબદીલ થયેલું. તે ગુનાનું કોગ્નાઈઝન્સ લઈ, તે ચાર્જશીટને અત્રેની અદાલતમાં ક્રિમીનલ કેસ રજીસ્ટ્રરે નોધવામાં આવેલું. ત્યારબાદ આરોપીને સમન્સ કરતાં આરોપી ને અવાર નાવાર સમંશ વોરંટ કાઢવા છતા ફરીયાદ પક્ષ આ કામના આરોપીને હાજર રખાવી શકેલ નથી.જેથી આ કામે આરોપી હાજર ન હોઇ આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.કલમ **૨૯૯** હેઠળ સદર કેસની કાર્યવાહી આરોપીની ગે.હા.માં ચલાવવાનો હુકમ કરવામાં આવે છે. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૩ | ફરીયાદીની જુબાની |
| ૨. | ૦૪ | ફરીયાદ |
| ૩. | ૦૫ | પંચ સાહેદ નં.૧ ની જુબાની |
| ૪. | ૦૬ | પંચનામું |

(૬) આ કામે સી.આર.પી.સી.કલમ **૨૯૯** હેઠળ સદર કેસની કાર્યવાહી આરોપીની ગે.હા.માં ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હોઇ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નહી અને ત્યાર બાદ કેસની આગળની ન્યાયીક પ્રકિયા હાથ ધરવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ની દલીલો સાંભળી.

(૮) આ કામે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોલીસ રેઈડ દરમ્યાન પોતાના કબજા ભોગવટાના રહેણાંકના ઘરની સામેના ભાગે આવેલ આંબલીના ઝાડની નીચે જમીનમાં બે માટલાઓમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દેશીદારૂ ગાળવાનો વોશ રાખી, ધી પ્રોહીબિશન કલમ ૬૫ એફ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા જવાબો નીચે મુજબ છે, જેના કારણો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**-: <u>કા ર ણો</u> :-**

**<u>મુદ્દા નં. ૧</u>**

(૧૦) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે જે પંચ સાહેદને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણ લેતા, તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલી. પંચનામા વિશે તેઓ કાંઈ જાણતા નથી. પંચનામામાં વિશેષ કોઈ પુરાવો આપેલ નથી જેથી સદરહું પંચ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની ઉલટ તપાસ કરી સુચક સવાલો પુછેલ છે, પરંતુ ઉલટ તપાસમાં તેઓશ્રી એવી કોઈ ફળદાયી વિગતો બહાર કઢાવવામાં સફળ થયેલ ન હોઈ **નામ.સુપ્રિમ કોર્ટે નરેશ કુમાર વિ. હિમાચલ પ્રદેશ એ.આઈ.આર.૨૦૧૭ એસ.સી.૩૮૫૯**ના ચુકાદામાં ઠરાવેલ છે કે,જયારે રસ ધરાવનાર સાહેદ મુદ્દામાલ રીકવરીને પુરવાર કરતા ન હોય તે સંજોગોમાં શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ.

(૧૧) વધુમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે ફરીયાદીને સોગંદ ઉપર તપાસેલ **નથી.** તેઓની જુબાની વંચાણે લેતા તેઓએ મુખ્યત્વે તેમની ફરિયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. ત્યારબાદ બચાવપક્ષ તરફથી ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ ઉપરોકત સમગ્ર ફરીયાદીની સમગ્ર જુબાની તથા રેકર્ડ વંચાણે લેતા આ કામે ફરીયાદપક્ષ, બનાવવાળી જગ્યાએ સહેલાઈથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હોવા છતાં તેવા કોઈ જ સ્વતં ત્ર સાહેદોને આ કામે તપાસેલા નથી તેમજ આ કામની ફરીયાદમાં પંચોના નામ સરનામાં તથા પેટ્રોલીંગમાં વપરાયેલ વાહનનું વર્ણન તથા બનાવવાળી જગ્યાએ પહોંચવાનો તથા નિકળવાનો સમય જણાવેલ હોય તેવી હકીકત પણ પુરવાર કરવા નિષ્ફળ રહેલ છે. તેમજ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોય તેવી મહત્વની હકીકત પણ પુરવાર કરવા નિષ્ફળ રહેલા છે.તેમજ જે જગ્યાએથી મુદ્દામાલ કબજે કરેલ તે જગ્યા આરોપીની માલિકની છે તેવો આધાર પુરાવો પણ રજુ કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૧૨) આ કામે ફરિયાદીની ફરિયાદ રજુ થયેલ છે. આ કામે ફરિયાદીનો પુરાવો નોધાયેલ છે, પરંતુ ફરિયાદની વિગત નિ:શંકપણે પુરવાર થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

(૧૩) આ કામે પંચનામું રજુ થયેલ, પરંતુ તે પંચનામાના પંચ સાહેદનો પુરાવો નોધાયેલ હોવા છતાં તે પંચનામાની વિગત પુરવાર કરેલ નથી તેથી તે પંચનામું બિનપુરવાર રહેલ છે.

(૧૪) જે રીતે ફરિયાદપક્ષનો કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદ્દામાલ આરોપીનો સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ. એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી બોમ્બે પ્રોહી એકટની કલમ ૧૦૩ પ્રમાણે સાબિતીનો બોજો આરોપી ઉપર જાય, પરંતુ હાલના કેસમાં દલીલોના ખાતર પણ પંચનામું સાબિત થયેલ માની લઈએ તો,આ કામે આરોપીના કબજા માંથી દારૂ ગાળવાનો વોશ મળેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૫) **આ કામે ૨૦૦૬(૩) – ક્રાઈમ્સ – પાના નં.૮૫** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, ''જયારે જજને ચોકકસપણે એમ લાગે કે કેસનાં સંજોગો ઘ્યાને લેતાં કેસનો અંત સજામાં પરિણમશે નહીં, ત્યારે કોર્ટનો અમૂલ્ય સમય માત્ર પ્રોસીઝર પુરી કરવા માટે વેડફશો નહીં'. તે જ રીતે સદર કામે આરોપી સામે આક્ષેપિત ચાર્જશીટ ઘ્યાને લેતાં, તેમાં ફરિયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે.

(૧૬) ફરિયાદપક્ષનાં કેસમાં મુદ્દામાલ દારૂ ગેરકાયદેસર અને પાસ પરમીટ વગર મળી આવેલાનો કેસ છે અને તે ગુનો બન્યાનો સમય, સ્થળ ઘ્યાને લેતાં, ગુનાવાળી જગ્યાએ સામાન્ય રીતે ત્રાહિત માણસોની હાજરી હોવાની શકયતા નકારી શકાય તેમ નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ ફરિયાદપક્ષનાં રેકર્ડ ઉપરથી ફલીત થતુ નથી. વધુમાં આરોપી વિરૂઘ્ધ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર મુદ્દામાલ દારૂ મળી આવ્યાનો કેસ હોવા છતાં પંચ સાહેદોનો પુરાવો જોતાં, ફરીયાદપક્ષ આ કામનાં આરોપીનાં કબજામાંથી મળી આવેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી. ગુનાવાળી જગ્યાએથી મુદ્દામાલ મળ્યાનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ આરોપીના માલીકી અગર તો, કબજા ભોગવટાનું હોવા બાબતે ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આરોપીની ઓળખ બાબતે પણ શંકા છે. જેથી મુદ્દામાલ ગેરકાયદેસર મળી આવવા બાબતે ફરિયાદપક્ષે પુરાવો રજુ થયેલ નથી. ઉપરોકત તમામ સંજોગોમાં ફરિયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરિયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય આવે છે. આ તબકકે નામદાર વડી અદાલત દ્વારા સંખ્યાબંધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિઘ્ધાંતો ઘ્યાને લેવા ઘટે કે, જયારે રેકર્ડ ઉપરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાનાં સંજોગોમાં અન્ય સાહેદોનાં તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સદર કામે ઉપરોકત હકીકતે અન્ય સાહેદોને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ નથી. આમ, આરોપી સામેના ગુનાનો આક્ષેપ ઘ્યાને લેતા તથા

ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર આરોપી સામેનો ગુનો ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ નહી હોવાનુ અત્રેની અદાલત માને છે તે સંજોગોમાં મુદ્દા નં.(૧)નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.(૨) પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આ કામના આરોપીને ક્રિમી.પ્રોસી.કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ધી બોમ્બે પ્રોહી–બીશન એકટની કલમ–૬૫ એફ મુજબના ગુનામાં પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે પ્રોહી.મુદ્દામાલ પાવતીથી કબજે લીધેલ મુદામાલ અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીના જામીન તથા જાત મુચરકો અપીલના સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના નવા જામીન તથા એટલીજ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| મુ. ધાનેરા.<br>તા.૩૦/૧૦/૨૦૨૩ | **(હરપ્રિત સિંઘ)**<br>જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ, ધાનેરા.<br>જી.જે.૦૧૪૨૭ |